અપીલ અરજી નં.૪૨૨ તા.૧૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અસલમ ફિરોઝભાઈ સાયકલવાલા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અસલમ ફિરોઝભાઈ સાયકલવાલાની તા. ૫–૧૦–૧૧ની અરજીથી સિલ્ક સીટી ટેક્ષટાઈલ માર્કેટ દુકાન નં. ૭૩૬માં માર્કેટની વહીવટી ઓફિસ આવેલ છે ઓફિસના પાછળનાં ભાગે માર્કેટની ખુલ્લી અગાસીમાં થયેલ માર્કેટના વહીવટદારો ધ્વારા વધારાના બાંધકામની સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર થયેલ બાંધકામ પરવાનગીની નકલ વિસ્તાર સહિત ઉપરાંત હાલ બાંધકામ થયેલ વિસ્તારની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૨/૨૦૧૧–૧૨

શ્રી અસલમ ફિરોઝભાઈ સાયકલવાલાની તા. ૫–૧૦–૧૧ની અરજીથી સિલ્ક સીટી ટેક્ષટાઈલ માર્કેટ દુકાન નં. ૭૩૬માં માર્કેટની વહીવટી ઓફિસ આવેલ છે ઓફિસના પાછળનાં ભાગે માર્કેટની ખુલ્લી અગાસીમાં થયેલ માર્કેટના વહીવટદારો ધ્વારા વધારાના બાંધકામની સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર થયેલ બાંધકામ પરવાનગીની નકલ વિસ્તાર સહિત ઉપરાંત હાલ બાંધકામ થયેલ વિસ્તારની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૬ તા.૧–૧૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારાજગી અંગે આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઈ.ઝોન /મહેકમ/આ. ૨૬૯૯ તા.૨૦–૧૨–૧૧ થીઅરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ,અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/૨૫૩૮ તા.૦૫–૧૨–૧૧થી તથા પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/૨૬૯૮ તા.૨૦–૧૨–૧૧થી આપેલ માહિતી ની નકલ, ફી ભર્યાની વિગત, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૫–૧૦–૧૧ ની અરજીથી નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી લીંબાયત ઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીમાં સિલ્ક સીટી ટેક્ષટાઈલ માર્કેટ દુકાન નં. ૭૩૬માં માર્કેટની વહીવટી ઓફિસ આવેલ છે ઓફિસના પાછળનાં ભાગે માર્કેટની ખુલ્લી અગાસીમાં થયેલ માર્કેટના વહીવટદારો ધ્વારા વધારાના બાંધકામની સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર થયેલ બાંધકામ પરવાનગીની નકલ વિસ્તાર સહિત ઉપરાંત હાલ બાંધકામ થયેલ વિસ્તારની માહિતી આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૩૮ તા.૦૫–૧૨–૧૧થી સિલ્ક સીટી માર્કેટની દુકાન નં.૩૭૬માં વહીવટી ઓફિસ છે. જેની પાછળના ભાગે આવેલ અગાશીમાં વધારાના બાંધકામ બાબતે માંગેલ માહિતી અન્વયે જણાવવાનું કે માર્કેટની ખુલ્લી અગાશીમાં હાલમાં કોઈ બાંધકામ થયેલ હોવાનું જણાતું નથી. તેવું જણાવેલ. જયારે અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારજગી હોય તો આધાર સહ મુદ્દાવાર સ્પષ્ટ કરવા જણાવેલ. જે અંગે અરજદારે કોઈ સ્પષ્ટતા કે પુરક રજુઆત કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૫–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનુ રહેતુ નથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અસલમ ફિરોઝભાઈ સાયકલવાલા